નિરાધાર વિધવાના પુનઃવસવાટ માટે આર્થિક સહાય યોજના.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એસ.ડી.ડબલ્યુ.-૧૦૭૬-૪૭૫૩(૮૦)-છ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ- ૮-૬-૧૯૮૦.

ઠ રા વ.

નિરાધાર વિધવા ત્યકતા કે છુટાછેડા લીધેલ મહિલાઓના પુનઃવસવાટની યોજના તા. ૨૬-૬-૧૯૭૯ ના સરકારી ઠરાવ ક્રમાંકઃ- એસ.ડી.ડબલ્યુ-૧૦૭૯-૪૩૯૯૫-છ, ધ્વારા મંજુર કરવામાં આવી છે. આ યોજનાના અમલ માટે આ ઠરાવ સાથે જોડેલા ગુજરાત રાજયના નિરાધાર વિધવાના પુનઃવસવાટ માટે આર્થિક સહાય યોજના હેઠળના નિયમોને સરકારશ્રી આથી મંજુર કરે છે. આ નિયમો, નાણાં વિભાગ, મહેસુલ વિભાગ, અને પંચાયત, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગની સહમતીથી રવાના કરવામા આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રજનીકાન્ત કોઠારી,
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

નિરાધાર, વિધવાઓના પુનઃવસવાટ માટે આર્થિક સહાય યોજના હેઠળના નિયમો.

---

૧. આ નિયમોને ગુજરાત રાજયના નિરાધાર વિધવા, ત્યકતા કે છુટાછેડા લીધેલ મહિલાઓના પુનઃવસવાટ માટેની આર્થિક સહાયની યોજના હેઠળના નિયમો કહેવામાં આવશે.

૨. આ નિયમો સમગ્ર ગુજરાત રાજયમાં તા. ૧લી ઓગષ્ટ,૧૯૮૦ થી અમલમાં આવશે.

૩. આ નિયમો નીચે જણાવેલી મહિલાઓને લાગુ પડશે.

(અ) ઉંમરઃખ્ ૧૮ વર્ષથી ૪૫ વર્ષ સુધીની ઉંમરની મહિલા જે વિધવા વિધવા ત્યકતા કે છુટા છેડા લીધેલ હશે અને તેણી કોઈપણ પ્રકારની ઉધોગની તાલીમ લેવા તૈયાર હશે.

(બ) આવક મર્યાદાઃ-

૧. જે સ્ત્રી પોતાની જંગમ તથા સ્થાવર મિલ્કતના રોકાણમાંથી વ્યકિતગત વ્યાજ પેટે, ભાડા પેટે રુ. ૨૫/- કે તેથી વધુ રકમની માસિક આવક મેળવતી ન હોય અથવા તેમના કુટુંબના બધા સાધનોમાંથી વાર્ષિક રા.૧૨૦૦/- થી વધુ ન હોય તેવી મહિલાને (કોઈનું ઘરકામ કરતી હોય તેવી આવક ગણવાની નથી)

૨. છુટાછેડા પામેલ મહિલાની ભરણપોષણની જોગાઈ કોર્ટના હુકમથી કે બીજી કોઈ રીતે થઈ શકી ન હોય.

૪ (અ) (૧) વ્યાખ્યા :-

નિરાધાર મહિલા તેને ગણવામાં આવશે કે જેને ૨૧ વર્ષ ઉપરની ઉંમરનો પુત્ર નથી અને જેના કુટુંબની આવક વાર્ષિક રુ.૧૨૦૦/- થી વધુ નથી અને વ્યકિતગત વાર્ષિક આવક ઉપર જણાવ્યા પ્રમાણે જંગમ તથા સ્થાવર મિલકતના રોકાણમાંથી વ્યાજ પેટે કે ભાડા પેટે રુ. ૩૦૦/- થી વધુ નથી.

૨. જેમના પુત્ર હયાત હોવા છતાં શારીરિક અપંગતા કે માનસિક અસ્થિરતાને કારણે કમાવાને અશકિતમાન હોય અને માતાને પોષવા શકિતમાન

ન હોય તેવી નિરાધાર મહિલાને સહાયપાત્ર ગણી શકાશે.

૩. જેમના માતા પિતા કે માતા અથવા પિતા કે સાસુ-સસરા હયાત હોવા છતાં અરજદારને પોષી શકતા ન હોય તેવી વ્યકિત સાહયપાત્ર ગણી શકાશે.

૪. નિરાધાર વિધવા ત્યકતા કે છુટાછેડા લીધેલ મહિલાની વ્યાખ્યા:-

નિરાધાર વિધવા એને ગણવામાં આવશે જેના પતિનલ દેહાંત થયા બાદ પતિ તરફથી કોર્ટ ધ્વારા પતિના કુટુંબ તરફથી ખાધા ખોરાકીના કે કોઈ એવી મિલ્કત મળી નથી કે જેનાથી તે પોતાનું ભરણ પોષણ કરી શકે.

નિરાધાર ત્યકતા :-

એને ગણવામાં આવશે કે પતિ ધ્વારા ત્યજાયેલ કે પતિથી અલગ થઈ હોય અને જેને પતિ સાથેના સંબંધો વિચ્છેદ થયેલા હોય, આ અંગેનું લખાણ કે દાખલો સમાજ સુરક્ષા ખાતા ધ્વારા માન્ય થયેલ મહિલા સંસ્થા ધ્વારા રજુ કરવાની રહેશે.

નિરાધાર છુટાછેડા લીધેલ મહિલા :-

એને ગણવામાં આવશે કે જે મહિલાને કોર્ટ ધ્વારા અથવા રુઢી અનુસાર જ્ઞાતિ પંચ ધ્વારા પતિથી છુટાછેડા લીધેલ હોય અને ત્યારબાદ તેના ભરણપોષણની જોગવાઈ કોર્ટના હુકમથી કે બીજી કોઈ રીતે થઈ શકી ન હોય.

૫. અલબત્ત એવી વ્યકિત પણ નિરાધાર ગણાશે કે જેઓના ઉપર દર્શાવેલ સગા હયાત છે પરંતુ તે સગા સતત ગુમ થયેલા હોય અને સહાય મંજુર કરનાર અધિકારીને પુરતી તપાસના અંતે ખાત્રી થાય કે આવા સગા ગુમ થયેલાં છે તેઓ પણ આ સહાયને પાત્ર ગણી શકાશે.

૪. કુટુંબની વ્યાખ્યા :-

પોતે, પોતાના બાળકો અથવા સાવકા બાળકો તેમજ માતાપિતા કે સાસુ સસરા કે જેમની સાથે રહેતા હોય.

...3....

૫. નાણાંની સહાયની રકમ :-

વ્યકિતદીઠ માસિક રુ.૩૦/- ની નિભાવ સહાય .૩ વર્ષ માટે અથવા તો પુનઃ સ્થાપિત થાય તે બેમાંથી જે વહેલું હોય તેટલા સમય સુધી આપવામાં આવશે. આ સહાય બે તબકકાઓમાં મંજુર કરવામાં આવશે. પ્રથમ છ માસ માટે અથવા કોઈ પણ પ્રકારની તાલીમમાં જોડાવાની શરતે અને તે પછી બીજા તબકકે તાલીમમાં જોડાયા પછી તાલીમી સંસ્થાના પ્રમાણપત્ર ઉપરથી.

૨. તાલીમી કાર્યક્રમ પસંર કરી તાલીમી સંસ્થામાં જોડાતાં તાલીમના સમય દરમ્યાન તેને માસિક રુ.૫૦/-ની વૃત્તિકા ચુકવવામાં આવશે.

૩. આ સહાય ઉપરાંત આવી નિરાધાર મહિલાઓના બાળકોના નિબભાવ માટે બાળક દીઠ રુ. ૨૫/- બે બાળકોની મર્યાદમાં આપવામાં આવશે. આ સહાય ત્યકતા કે છુટાછેડા અપમાયેલ માતાના બાળકોના કિસ્સામાં કોર્ટના હુકમ ધ્વારા કે બીજી અન્ય રીતે તેના બાળકોના ભરતપોષણની વ્યવસ્થા ન થઈ શકે તેમ હોય તે સમય ગાળા પુરતી જ મર્યાદિત રહેશે.

૪. ઉપરોકત સહાય દર મહિને સમાજ સુરક્ષા ખાતાના અધિકૃત અધિકારી અથવા માન્ય સંસ્થા ધ્વારા ચુકવવામાં આવશે.

ક. અરજી પત્રક મેળવવાનું સ્થળ :-

---

૧. આ સહાય અંગેના અરજીપત્રકો ગુજરાત રાજયમાં કલેકટરશ્રીની કચેરીમાં નાયબ મામલતદાર, સમાજ સુરક્ષા પાસેથી તેમજ સમાજ સુરક્ષા વિભાગના નિયામકની કચેરી, જીલ્લા કક્ષાની ચીફ પ્રોબેશન ઓફીસરની કચેરીમાંથી મળી શકશે. આ ઉપરાંત સમાજ સુરક્ષા ખાતાની માન્ય મહિલા સંસ્થાઓમાંથી પણ મળી શકશે.

૨. અરજી પત્રકો વિના મુલ્યે મળશે.

૩. જો છાપેલ અરજી પત્રક ઉપલબ્ધ ન હોય તો નિયત કરેલ ફોર્મ-૧

(એક) પ્રમાણે ટાઈપ કરેલ અથવા સાયકલોસ્ટાઈલ અરજીપત્રમાં અરજી કરી શકશે.

૪. અરજીપત્રકો બે નકલમાં ભરાવાના રહેશે.

૫. ભરાયેલા સર્વે અરજીપત્રકો જે તે જીલ્લાના ચીફ પ્રોબેશન અધિકારી (પી.ઓ. એકટ) ની કચેરીમાં મોકલી આપવાના રહેશે આ કચેરીમાં આવેલા અરજીપત્રકો ક્રમવાર તાલુકાવાર અને તારીખવાર ગોઠવી એક રજીસ્ટરમાં (ફોર્મ નં. ૨) નોંધવાના રહેશે.

૭. ચકાસણી :-

આવેલ અરજી પત્રોકની નોંધણી થઈ ગયા પછી ચીફ પ્રોબેશન ઓફીસર તેની ચકાસણી વિગેરેની કાર્યાવાહીં કરાવવા પંચાયતી રાજના વિસ્તારમંથી આવેલ અરજીઓ જે તે તાલુકા વિકાસ અધિકારીને મોકલી આપશે. જયારે મોટા શહેરોમાંથી અને મ્યુનિસિપલ વિસ્તારમાંથી આવેલ અરજીઓ જે તે તાલુકા મામલતદારને મોકલી આપશે. આ અધિકારીઓ તેમના તાબાના અધિકારીઓ ધ્વારા અરજીઓની ચકાસણીનું કામ સત્વરે કરશે અથવા કરાવશે.

(૩) અરજીપત્રકના નીચેના મુદ્દાઓની ચકાસણી કરવાની રહેશે.

અ. ઉંમર : અરજદાર અને તેની સાથે રહેતા બાળકોની ઉંમર બાબત

૧. શાળાના પ્રમાણપત્રમાં જણાવેલ જન્મ તારીખ

૨. રેશનકાર્ડ અથવા મતાધિકાર યાદીમાં દર્શાવેલા ઉંમરને ધ્યાનમાં રાખી નકકી કરેલ ઉંમર અથવા

૩. જન્મ મરણના દાખલા કે રજીસ્ટર પર નોંધનો ઉતારો અથવા

૪. અન્ય કોઈ દાખલા ન મળે તો સરકારી કે મ્યુનિસિપલ મેડીકલ ઓફીસરનો ઉંમર અંગેનો દાખલો.

બ. આવક :-

અરજી પત્રકના કોલમ નં. ૭ માં અરજદારે જણાવેલ આવકની વિગત જે તે જરુરી પુરાવા સારો ચકાસવી.

૧. દાખલા તરીકે ખેતીની આવક અંગે ગામના નમુના નંબર ૭/૧૨ અને ૮માં જણાવેલ વિગતો.

૨. મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારીની આવક અંગેની દાખલા

૩. નોકરીની આવક માટે માલિક પાસેથી આવકનું પ્રમાણપત્ર

૪. આર્થિક પરિસ્થિતિ કુટુબના કમાતા સભ્યો વગેરેની માહિતીની ખરાઈ.

૫. વિધવા કે ત્યકતા મહિલાની પતિના દેહાંત બાદ કે પતિ તરફથી કોર્ટ ધ્વારા કે પતિના કુટુંબ તરફથી ખાધા ખોરાકી માટે કોઈ એવી મિલકત મળી નથી અથવા તેની પાસે એવી કોઈ મિલકત નથી કે જેનાથી તેના નિભાવ માટેની આવક છે.

ક. વિધવા ત્યકતા છુટાછેડા લીધેલ અંગે:-

---

૧. વિધવા માટે પતિના દેહાંત અંગેનો દાખો જેમાં પતિના મૃત્યુની તારીખ દર્શાવેલ હોય.

૨. તયકતા માટે તે, પતિ ધ્વારા તરછોડાયેલ છે અને તે અંગેના લેખિત પુરાવા રજુ કરે.

૩. છુટાછેડા લીધેલ મહિલાએ કોર્ટ ધ્વારા અથવા રુઢિ અનુસાર જ્ઞાતિ પંચ ધ્વારા અથવા તો દસ્તાવેજી પુરાવાથી છુટાછેડા મેળવેલ છે ને ચકાસી નોંધવા.

ડ. નિભાવ માટે :-

વર્તમાન સંજોગોમાં કેવી રીતે નિભાવ કરે છે તે ચકાસી વિગત આપવી.

ઈ. ઓળખ :-

ચકાસણી અધિકારી આ અરજદારને રુબરુ મળવું અને તેના ઓળખ માટે ચહેરા ઉપર નિશાન અથવા દેખાઈ શકે તેવું શરીર ઉપરનું કોઈ નિશાન હોય તે નોંધવું.

ઉપરોકત તમામ બાબતોની ખરાઈ કર્યા પછી ચકાસણી અધિકારીએ તેની નોંધ કરવી તથા અરજદારની સહી તથા અંગુઠાનું નિશાન લેવું.

૮. જરુરી ચકાસણી કર્યા બાદ ચકાસણી અહેવાલ સાથે અરજીપત્રકો જે તે જીલ્લાના ચીફ પ્રોબેશન ઓફીસરને આગળની કાર્યાવાહી અર્થે મોકલી આપશે. ચીફ પ્રોબેશન અધિકારી ચકાસણી અહેવાલ સાથે અરજીપત્રકો નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીમાં મોકલી આપશે.

૯. સહાય તથા વૃત્તિકા મંજુર કરનાર અધિકારી :-

નિયામકશ્રી , સમાજ સુરક્ષા ખાતુ, ગુજરાત રાજ્ય, આ યોજના હેઠળ આર્થિક સહાય તથા વૃત્તિકા મંજુર કરનાર અધિકારી રહેશે. તેઓ આ સત્તા તેમની નીચેના અધિકારીને અધિકૃત કરી શકશે.

૨. સહાયના આદેશની એક નકલ અરજદારને મોકલવામાં આવશે, બીજી નકલ અરજી પત્રક સાથે ચીફ પ્રોબેશન ઓફીસરને મોકલવામાં આવશે. સહાય મંજુર થયા બાદ અરજદારે પાસપોર્ટ સાઈઝનો તાજો પડાવેલ ફોટાની બે નકલ ચીફ પ્રોબેશન ઓફીસરને મોકલવાની રહેશે. જેની એક નકલ અરજીપત્રક ઉપર ચોડશે અને બીજી નકલ નિયામકશ્રીની કચેરીમાં અરજી પત્રક ક્રમાંક અરજદારનું નામ અને સહાય આદેશ નંબર લખીને પોતાના સહી સિકકા સાથે મોકલી આપશે.

૩. સદરહુ ફોટાના ખર્ચ રુ. ૫/- ની મર્યાદામાં ચીફ પ્રોબેશન ઓફીસર લાભાર્થીને ચુકવશે.

બ. મહિલા એકમની કામગીરી :-

સહાય મંજુર કરનાર અધિકારી સહાય મંજુરીના આદેશની એક નકલ નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતા હેઠળના મહિલા એકમને આગળની કાર્યવાહી અર્થે મોકલી આપશે.

૨. આ એકમ લાભાર્થીનો પત્ર ધ્વારા સંપર્ક સાધી તે કઈ સંસ્થામાં કયા પ્રકારની તાલીમમાં જોડાવા ઈચ્છે છે તે અંગે માહિતી મેળવશે. અને માર્ગદર્શન આપીને તાલીમમાં જોડાવાની વ્યવસ્થા કરશે.

૩. લાભાર્થી તાલીમી સંસ્થામાં જોડાયા પછી તાલીમમાં જોડાયાનું પ્રમાણપત્ર મેળવી તાલીમ દરમ્યાન નકકી કરેલ વૃત્તિકા ચુકવણીનો આદેશ તૈયાર કરી નિયામકશ્રી સમક્ષ મંજુરી અર્થે મુકશે અને વૃત્તિકા તથા સહાયની રકમ દર ત્રણ માસે જે તે તાલીમની સંસ્થા ધ્વારા સરકારી ખર્ચે ચુકવવાની ગોઠવણ કરશે.

સહાય મંજુર થયા પછી લાભાર્થી છ માસના સમયમાં કોઈપણ પ્રકારની તાલીમમાં ન જોડાય તો સહાય આપોઆપ બંધ થશે. તે અંગેનો અહેવાલ ચીફ પ્રોબેશન ઓફીસર પાસેથી મેળવીને સહાય બંધ કર્યાના આદેશ આપશે.

તાલીમ દરમ્યાન લાભાર્થીની પ્રગતિનો અહેવાલ મેળવશે અને પ્રગતિ સંતોષકારક હોય તો વૃત્તિકા ચાલુ રાખશે.

૫. લાભાર્થીની તાલીમ પુરી થતાં તેણી કયા વ્યવસાયમાં જોડાઈ પગભર થઈ છે તેના આખરી અહેવાલ નોંધી કેસ બંધ કરશે.

૧૦. પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ અધિકારી :-

આ અરજીપત્રકમાં ઉંમર, આવક અને નિરાધાર વિધવા કે છુટાછેડા લીધેલ છે અને તાલીમ લઈ પગભર થઈ શકશે વિગેરેનું પ્રમાણપત્ર આપવા નીચેની વ્યકિતઓ અધિકૃત ગણાશે.

૧. તાલુંકા વિકાસ અધિકારી,

૨. મામલતદાર

૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ઓફીસર અને સરકારી મેડીકલ ઓફીસર,

૪. કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારના રાજપતિત્ર અધિકારી,

૫. ગુજરાતના સંસદ સભ્યશ્રી,

૬. ગુજરાત વિધાનસભાના સદસ્યશ્રી,

૭. તાલુકા અને જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી,

૮. મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયરશ્રી અને મ્યુનિસિપલ પ્રમુખશ્રી,

૯. રજીસ્ટર્ડ મહિલા સંસ્થાના પ્રમુખ અને માનદ મંત્રી ,

૧૦. સરકાર માન્ય તાલીમ સંસ્થાના વડા,

આ નિયમ હેઠળના પ્રમાણપત્ર વિના મુલ્યે આપવાના રહેશે.

૧૧.

૧. સહાયના આદેશ થયા પછી છ માસમાં લાભાર્થી તાલીમમાં ન જોડાય તો સહાય બંધ કરવામાં આવશે તેમ છતાં તે પછી અરજદાર તાલીમમાં જોડાય તો તાલીમમાં જોડવાની તારીખથી સહાય ચાલુ કરી શકાશે.

૨. લાભાર્થી જો પુર્નલગ્ન કે કોર્ટ ધ્વારા ખાધા ખોરાકી મેળવી જીવન નિર્વાહ કરી શકવા સમર્થ જણાય તો સહાય બંધ કરી શકશે.

૩. અન્ય કોઈ સંજોગોમાં સહાય મંજુર કરનાર અધિકારીએ સબળ કારણો જણાય તો સહાય બંધ કરી શકાય.

૪. લાભાર્થીનું મૃત્યુ થાય તો સહાય આપોઆપ બંધ થાય પરંતુ તેણીને આધારિત બાળકોના નિભાવ અર્થે કોઈ વ્યવસ્થા ન થઈ હોય તો તે બાળકોને સંભાળ લેવા તૈયાર થનાર નજીકના સગાને સહાયના બાકીના સમય (૩ વર્ષની સમય મર્યાદા) સુધી આદેશમાં મંજુર થયેલ બાળકોની સહાય ચાલુ રહેશે.

૧૨. બજેટની ફાળવણી :-

નિયામક, સમાજ સુરક્ષા, ગુજરાત રાજ્યની કચેરી દરેક જીલ્લાના ચીફ પ્રોબશન ઓફીસરને સહાયની ચુકવણી માટે જરુરી રકમની ફાળવણી કરશે.

૧ (અ) ચીફ પ્રોબેશન ઓફીસર નાણાંકીય સહાયના આદેશો મુજબ લાભાર્થીઓને સહાયની રકમ સરકારી ખર્ચે દર માસે તા. ૨૦ સુધીમાં નિયમિત મનીઓર્ડર ધ્વારા મળી જાય તેવી વ્યવસ્થા કરશે. આ અંગેની સઘળી નાણાંકીય હિસાબ ચીફ પ્રોબેશન ઓફીસરની કચેરી રાખશે. આ અંગેનું માસિક ખર્ચ પત્રક નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજયને માસની આખર સુધીમાં મળી જાય તે રીતે મોકલવું.

(બ) લાભાર્થી સહાય મંજુરીના આદેશ થયા પછી છ માસની અંદર તાલીમમાં ન જોડાય તો નિયમ ૧૧ મુજબ સહાય બંધ કરવા ચીફ પ્રોબેશન અધિકારી સહાય મંજુર કરનાર અધિકારીને અહેવાલ મોકલશે.અને તે ઉપરની સહાય બંધ કરવાના આદેશ કરવામાં આવશે.

૨. વૃત્તિકાની મંજુરી અને સહાયની વહેંચણી :-

લાભાર્થી તાલીમી સંસ્થામાં જોડાતા અને તે અંગેનો દાખલો રજુ કરતાં નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજય , તાલીમ દરમ્યાન અપાનાર વૃત્તિકા (સ્ટાઈપેન્ડ) નો આદેશ કરશે અને તે મુજબ ખાતાના એકાઉન્ટસ ઓફીસર લાભાર્થીને વૃત્તિકાની ૩ માસની રકમ તેમજ સહાયની રકમ એકી સાથે તાલીમ સંસ્થા ધ્વારા સરકારી ખર્ચે ચુકવવા વ્યવસ્થા કરશે અને સઘળા નાણાંકીય હિસાબ ખાતાના એકાઉન્ટસ ઓફીસર રાખશે અને યોજના હેઠળના ખર્ચના હિસાબો તૈયાર કરશે.

૧૪. સહાય મંજુર કરવામાં આવી હોય તેઓના નામ એકાઉન્ટ રજીસ્ટરમાં નોંધી દરેકને એકાઉનટ નંબર આપવાના રહેશે. આ એકાઉન્ટ નંબર જયાં સુધી લાભાર્થી સહાયને પાત્ર હશે ત્યાં સુધી એક જ રહેશે. (ફોર્મ નં.૪)

૨. મંજુર થયેલ તેમજ ના મંજુર થયેલ દરેક અરજીપત્રકની નકલ યોગ્ય શેરા સાથે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીમાં રાખવાની રહેશે. તે જ પ્રમાણે ચીફ પ્રોબેશન ઓફીસર સહાય ચુકવણીનું અલગ રજીસ્ટર (ફોર્મ નંબર ૫) માં નોંધી નિયમિત સહાય ચુકવશે. અને તેનું હિસાબી પત્રક સમાજ સુરક્ષા ખાતાને મોકલશે.

૩. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, અમદાવાદની કચેરીના મંજુર થયેલી અરજીઓ અને નામંજુર થયેલી અરજીઓની અલગ અલગ જીલ્લાવાર ફાઈલો રાખવામાં આવશે.

૪. આ સહાય રજીસ્ટરના એકાઉન્ટ નંબર બદલાયા વગર તાલીમમાં જોડાયા પછી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, તાલીમાર્થીને વૃત્તિકા ચુકવશે. અને તેનો ખર્ચ અલગ નોંધશે.

૧૫. સહાયની રકમનું મનીઓર્ડર પાછું આવે તો શા કારણે પાછું આવેલ છે તે અંગે પુરતી તપાસને અંતે ચીફ પ્રોબેશન ઓફીસર જે તે જીલ્લાના એકાઉન્ટ નંબર સાથે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ,ગુજરાત રાજયને જણાવશે અને આવી પરત આવેલ રકમની નોંધ અલગ રજીસ્ટરમાં કરશે. આ કારણોમાં લાભાર્થીનું મૃત્યું થયું હોય અથવા તો ગામ છોડી બીજે ચાલ્યા ગયા હોય કે પુર્ન વસવાટની કોઈ અન્ય વ્યવસ્થા થઈ હોય વગેરે શકયતા છે,આ અંગે ચીફ પ્રોબેશન ઓફીસરે પુરતો ખુલાસો રજુ કરી નિયામકશ્રી,સમાજ સુરક્ષાને અહેવાલ મોકલી આવી સહાય અંગેનો આખરી નિર્ણય મેળવી તેની નોંધરજીસ્ટરમાં કરવાની રહેશે.

૧૬. મહિલા એકમ :-

૧. આ યોજના હેઠળ નિરાધાર વિધવા ત્યકતા કે છુટા છેડા લીધેલ મહિલાઓને જોઈતા અરજી પત્રકો છપાવવા અને અરજીપત્રક મેળવવાની કચેરીએ પહોંચાડવાની વ્યવસ્થા નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું કરશે. તે ઉપરાંત લાભાર્થી મહિલાઓને તાલીમ માટેની વ્યવસ્થા અને માર્ગદર્શન અને વૃત્તિકા મંજુરીની કામગીરી મહિલા એકમ સંભાળશે.

૨. આ મહિલા એકમના ફરજ પરના ખાસ અધિકારીને આ યોજના હેઠળની સંપુર્ણ કામગીરી માટે જરુરી યોગ્ય મહેકમ આપવામાં આવશે.

૩. આ મહિલા એકમ દરેક જીલ્લાઓમાં સ્ત્રીઓ માટેની વર્તમાન તાલીમની વ્યવસ્થાની માહિતી એકત્રિત કરી ઉપલબ્ધ કરશે અને લાભાર્થીને તાલીમમાં જોડવા અંગે માર્ગદર્શન આપી વ્યવસ્થા કરાવી આપશે. આ ઉપરાંત જે તે જીલ્લા કક્ષાએ તાલીમ કેન્દ્ર ઉભું કરવા પણ દરખાસ્ત રજુ કરશે.

૪. કોઈપણ જીલ્લામાંથી અરજીપત્રકો ન આવ્યા હોય અથવા તદ્દન ઓછા પ્રમાણમાં આવ્યા હોય તો આ એકમ તેના કારણોનો અભ્યાસ કરશે અને આ યોજનાનો યોગ્ય અને ઉચિત કેસોમાં દરેક જીલલાઓમાં પુરતા પ્રમાણમા લાભ મળી શકે તેવા પ્રયત્નો કરવામાં આવશે તે ઉપરાંત નિરીક્ષકો લાભાર્થીઓની વિગતોની અવારનવાર ચકાસણી કરતા રહેશે અને ખોટી માહિતી આપેલી જણાય તો સહાય કે વૃત્તિકા રદ કરવા નિયામક, સમાજ સુરક્ષા ખાતાનો અહેવાલ આપશે.

૫. આ નાણાંકીય સહાય યોજનાની જીલ્લાવાર થતી પ્રગતિની માહિતી એકઠી કરી જરુરી સર્વેક્ષણ કરી વધુ વિકાસ માટેની ભલામણ આ એકમ ધ્વારા થશે.

૬. યોજનાના સરળ અને સુયોગ્ય અમલ માટે તેમજ સહાયપાત્ર લાભાર્થીને કોઈપણ મુશ્કેલી પડતી હોય તો તેના ઉચિત નિવારણની કાર્યવાહી આ એકમ કરશે અને તે અંગેનો અહેવાલ નિયામક, સમાજ સુરક્ષા ખાતાને આપશે.

૭. આ યોજના હેઠળ તાલીમ અને તે દરમ્યાન ચુકવનાર વૃત્તિકા અંગેના નિયમો મહિલા એકમ અલગ તૈયાર કરશે. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા ધ્વારા સરકારશ્રીની મંજુરી મેળવશે.

૧૭. નાણાંકીય સહાય મંજુર કરનાર અધિકારીને જયારે પણ જણાશે કે, નાણાંકીય સહાય મંજુર કરવામાં આવેલ છે તે ખોટા કારણોસર અથવા તો ખોટી માહિતીને લીધે કરવામાં આવે છે અથવા આ નાણાંકીય સહાય વધુ સમય આપી ન શકાય. દા.ત. મહિલા પુર્નલગન કરે અથવા છોકરો પુખ્ત ઉંમરનો થાય.) ત્યારે મંજુર થયેલ નાણંકીય સહાય અટકાવી શકશે. તે જ પ્રમાણે વૃત્તિકા મંજુર કરનાર અધિકારીને લાભાર્થી તાલીમ છોડીને ચાલી ગયેલ અથવા વૃત્તિકા રદ કરવાના યોગ્ય કારણો જણાય તો નાણાંકીય સહાય અટકાવી શકશે.

....૧૨....

૨. આ નાણાંકીય સહાય ગુજરાત રાજયમાં વસતા નિરાધાર વિધવા ત્યકતા અને છુટાછેડા લીધેલ મહિલાને અપાય છે. કોઈપણ લાભાર્થી સતત જે તે જીલ્લાના ચીફ પ્રોબેશન ઓફીસરને અથવા નિયામકશ્રીને જાણ કર્યા વિના ત્રણ માસ સુધી રાજયમાંથી ગેરહાજર રહેશે. તો તેની નાણાંકીય સહાયનો આદેશ રદપાત્ર થશે.

૧૮. નાણાંકીય સહાય મેળવનાર લાભાર્થીઓના મૃત્યુના સંજોગોમાં તેમની મૃત્યુની તારીખ સુધી બાકી ચુકવણું જે આપવાનું બાકી હશે તે રદ થશે. પરંતુ તેના આધારિત બાળકોના બાકીના સમય (3 વર્ષની મર્યાદા) સુધી નિભાવ સહાય બાળકોની સંભાળ લેનાર નજીકના સગાને આપી શકાશે. લાભાર્થીના કોઈપણ વારસદાર આ બાકી રકમની માંગણી કરી શકશે નહિ.

૧૯. નાણાંકીય સહાય મેળવનાર લાભાર્થીની ફરજ થશે કે જયારે તેઓ તાલીમમાં જોડાય કે તેમના સરનામામાં ફેરફાર થાય ત્યારે તે અંગેની જાણ જે તે જીલ્લાના ચીફ પ્રોબેશન ઓફીસરને કરવાની રહેશે.

૨૦. લાભાર્થીને મોકલાવેલ નાણાંકીય સહાયની રકમના મનીઓર્ડરની આગલા માસની પાવતી મલ્યા પહેલાં સામાન્ય રીતે બીજા માસની રકમનું મનીઓર્ડર કરવામાં આવશે નહિ તેમજ આગળના માસની રકમ લાભાર્થીને પહોંચેલ છે તેવી નોંધ સહાય રજીસ્ટરમાં કર્યા બાદ જ પછીના માસની રકમ મોકલવામાં આવશે. તે જ પ્રમાણે વૃત્તિકા ચુકવવાની પહોચં મલ્યા પછી અને દર ત્રણ માસે તાલીમી પ્રગતિનો સંતોષકારક અહેવાલ મેળવ્યા પછી ચુકવવામાં આવશે.

૨૧. નિયામકશ્રી, સમાજ સુરક્ષા અથવા તેના પ્રતિનિધિ લાભાર્થીઓને નિયમિત સહાય મળે છે તેની નોંધ તેમજ તેની પાવતીઓ નિયમ મુજબ જળવાઈ રહે છે. તથા ચીફ પ્રોબેશન ઓફીસર યોજના હેઠળની સંપુર્ણ કામગીરી વ્યવસ્થિત કરે છે તે અંગે નિરીક્ષણ કરશે.

૨૨. ચીફ પ્રોબેશન ઓફીસરની કચેરી લાભાર્થીને મળેલ સહાયની રકમ અંગેની પહોંચ, અનુક્રમવાર દરેક જીલ્લામાં તાલુકાવાર ગોઠવશે.કોઈપણ લાભાર્થીની

પહોંચ મળવામાં ૩૦ દિવસથી વધુ વિલંબ થાય તો તે અંગે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરશે.

૨૩. ચુકાવાયેલ સહાયની રકમની પાવતીઓની ચકાસણીમાં એવું જણાશે કે મનીઓર્ડરની રકમ લાભાર્થીને બદલે બીજા કોઈએ મેળવેલ છે તો તે અંગે તાત્કાલિક તપાસ ચીફ પ્રોબેશન ઓફીસરને કરવાની રહેશે.

૨૪. વણચુકવાયેલ નાણાંકીય સહાયની રકમ જો તે જ વર્ષમાં પાછી આવેલ હોય તો જે તે બજેટ હેડમાંથી પૈસા ઉપાડેલ હોય તે હેડમાં જમા કરાવવાની રહેશે. બીજા નાણાંકીય વર્ષમાં આવેલ રકમ જમા થાય તો તે રકમ ''જંનરલ રેવન્યુ રીસીપ્ટ '' હેડમાં જમા કરવાની રહેશે.

૨૫. નાણાંકીય સહાય મેળવનાર લાભાર્થીના સરનામાનો ફેરફાર જો જીલ્લાના અંદરનો જ હશે તો ચીફ પ્રોબેશન ઓફીસર યોગ્ય તપાસ બાદ જરુરી ફેરફાર કરાવશે. સરનામાનો ફેરફાર જો અન્ય જીલ્લામાં હશે તો જે તે જીલ્લાના ચીફ પ્રોબેશન ઓફીસરને સહાયના રેકર્ડની નકલ આપી બાકીના સમયની ચુકવણી માટે જાણ કરશે.

૨૬. ચીફ પ્રોબેશન ઓફીસર જે તે જીલ્લાની માસિક માહિતી નિયત પત્રકોમાં નિયામક, સમાજ સુરક્ષા ખાતાને મોકલશે.

૨૭. લાભાર્થીની ચકાસણી :-

નિયામક, સમાજ સુરક્ષા ખાતુ, પોતાના નિરીક્ષકો / અધિકારીઓ ધ્વારા અવારનવાર દરેક જીલ્લાના લાભાર્થીઓની ચકાસણી કરાવશે.

નિયામક, સમાજ સુરક્ષા ખાતુ, ગુજરાત રાજય,

પાસપોર્ટ સાઈઝનો ફોટો,

સહાય મંજુર થયા બાદ ચોડવો.

નિરાધાર વિધવાઓના પુનઃવસવાટ માટે આર્થિક સહાયની યોજના.

અ ર જી પ ત્ર ક.

સુ ચ ના.

આ અરજીપત્રક બે નકલમાં તેમના જીલ્લાના ચીફ પ્રોબેશન ઓફીસર, પી.ઓ.એકટને મોકલવાનું રહેશે.આ યોજના નીચે ૧૮ થી ૪૫ વર્ષની ઉંમરની નિરાધાર વિધવા, ત્યકતા કે છુટાછેડા લીધેલ સ્ત્રીઓ, જેમને પુખ્ત ઉંમરનો પુત્ર ન હોય, જેમની વાર્ષિક આવક વ્યકિતગત રુ.૩૦૦/- થી ઓછી હોય અને ગુજરાતમાં બહેતા, હોય તેઓ અરજી કરવાને પાત્ર છે.

પ્રતિ,

નિયામકશ્રી,
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજય,
અમદાવાદે

હું નીચે સંહી કરનાર .....
પતિનું નામ.....અટક.....
રહેવાસી ગામ..... તાલુકો.....
જીલ્લો.....આથી સમાજ સુરક્ષા નિયામકની ઉપરોકત જણાવેલ યોજના હેઠળ આર્થિક સહાય મેળવવા માટે અરજી કરું છું. તે

...૧૫...

સંબંધમાં નીચેની વિગતો આપું છું. જે મારી જાણ મુજબ સંપુર્ણ સાચી છે.

૧. પુરું નામ.....પિતાનું નામ.....
અટક.....પતિનું નામ.....

૨. ધર્મ.....

૩. જ્ઞાતિ : હરિજન, આદિવાસી, સામાજીક અને શૈક્ષણિક રીતે
પછાત વર્ગ. બાકીના.....

૪. ઉંમર વર્ષ..... જન્મ તારીખ.....
ઓળખનું નિશાન

૫. પાકું સરનામું :- ઘર નંબર.....શેરી.....
મહોલ્લો.....
ગામ.....તાલુકો.....જીલ્લો.....

૬. ગુજરાત રાજયમાં.....વર્ષથી કાયમી વસવાટ કરું છું.

૭. અરજદારની પોતાની આવક, ખેતી ઉદ્યોગ, નોકરી, ઘરભાડું,
વ્યાજ - ડીવીડન્ડ, પેન્શન, અન્ય આવક વિગેરેથી થતી
કુલ આવક બતાવવી.

કુટુંબના સભ્યોની વિગતો તેમજ આર્થિક સ્થિતિ :-
(માતા, પિતા પોતાના કે સાવકા પુત્ર તથા પુત્રીઓ
પણ જણાવવા.)

ક્રમ	નામ	ઉંમર	અરજદાર સાથે સગપણ	અભ્યાસ	આવકનું સાધન	વાર્ષિક આવક	કુલ આવક
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	અરજદાર		પોતે				
૨.							
૩.							
૪.							
૫.							
૬.							

સોં ગ દ ના મું.

આથી જણાવું છુ કે, મારા ધર્મ પ્રમાણે સોગંદનામું લઈ એકરાર કરી ઉપરોકત હકીકત સંપુર્ણ સત્ય છે અને તેમાં કોઈ ફેરફાર ભવિષ્યમાં થે તો તેની જાણ કરવા બંધાઉ છું ખોટું સોંગદનામું કરવું એ ફોજદારી ગુન્હો છે, તેની મને સમજ મળી છે.

૮. હું તાલીમમાં જોડાઈ પગભર થવા ઈચ્છું છું. આ યોજના હેઠળ તાલીમ લેવી ફરજીયાત છે તેમજ સહાય મંજુર થયે છ માસની અંદર જો હું

તાલીમમાં ન જોડાઉ તો આ સહાય બંધ થશે તેની મને સમજણ મળી છે.

અરજદારની સહી
અથવા
અંગુઠાનું નિશાન.

તારીખ. પુરું સરનામું:

મારી રુબરુ સહી અથવા અંગુઠાનું નિશાન કર્યુ છે.
સાક્ષીઓ :- (૧)
(૨)

તારીખ :

પ્ર મા ણ પ ત્ર.

આ પ્રમાપત્ર તાલુકા વિકાસ અધિકારી, મેડીકલ ઓફીસર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોકટર, સરકારી કેન્દ્ર / રાજય સરકારના રાજય પત્રિત અધિકારી, ગુજરાતના સંસદ સભ્યશ્રી, ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી, તાલુકા / જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયરશ્રી, મ્યુનિસિપાલીટીના પ્રમુખશ્રી, રજીસ્ટર્ડ મહિલા સંસ્થા પ્રમુખ, માનદ મંત્રી, સરકાર માન્ય તલીમ સંસ્થાના વડા આપી શકશે.

ઉપરોકત માહિતની મેં રુબરુ ચકાસણી કરી છે, અને તે સાચી છે, તેથી આ યોજના હેઠળ સહાય માટે ભલામણ કરું છું.
અરજદાર.....આ તાલીમ કાર્યક્રમમાં જોડવા ઈચ્છે અને તે તાલીમ લઈ પગભર થઈ શકશે.

સક્ષમ અધિકારીની સહી.

તારીખ.

સિકકો.

ફોર્મ નં. ૨

નિરાધાર વિધવાઓના પુર્ન વસવાટ માટે આર્થિક સહાય અંગેની આવેલ અરજી પત્રકોનું રજીસ્ટર

ચીફ પ્રોબેશન ઓફીસર. જીલ્લો.

(નિયમ નં. ૬)

ક્રમાંક	અરજદારનું પુરું નામ	સરનામું	પ્રમાણપત્ર આપનારનું નામ અને	અરજી તારીખ	ચકાસણી અર્થે મોકલ્યા તા.
૧	૨	૩	૪	૫	૬

ચકાસણી અધિકારીનો અહેવાલ આવ્યા તારીખ.	સહાય મંજુર કરનાર અધિકારીને અરજી મોકલ્યાની તારીખ.	ભલામણ ની વિગત	સહાયમંજુરના આદેશનો નંબર અને તારીખ.	નોંધ	ચીફ પ્રોબેશન ઓફીસરની સહી.

ફો ર્મ નં. 3
સહાય આદેશનું ફોર્મ

નિયામક, સમાજ સુરક્ષા ખાતુ,
અમદાવાદ.

તારીખ.....

વિષય:- નિરાધાર વિધવા/ત્યકતાઓના પુર્નઃવસવાટ માટે નાણાંકીય સહાય.

(૧) આથી ઉપરોકત યોજના હેઠળ શ્રીમતી ..... રહેવાસી.....ને તા..... છ માસ સુધીમાં તાલીમમાં જોડાય તે શરતે માસિક રુ.૩૦/- (અંકે રુપિયા ત્રીસ પુરા) ની નાણાંકીય સહાય આથી મંજુર કરવામાં આવે છે.

(૨) તથા બાળક દીઠ માસિક રુ. ૨૫/- (અંકે રુપિયા પચ્ચીસ પુરા) લેખે રુ.....(એક બાળક/બે બાળક દીઠ નામ..... ..... ઉંમર વર્ષ.....ની નાણાંકીય સહાય મંજુર કરવામાં આવે છે.

(૩) આ સમય દરમ્યાન તાલીમમાં જોડાતા તાલીમ પુરી થાય ત્યાં સુધી માસિક રુ.૫૦/- (અંકે રુપિયા પચાસ પુરા) ની વૃત્તિકા મંજુર કરવામાં આવેછે.

(૪) આમ લાભાર્થી અને તેમના આધારિત બાળકોના નિભાવ માટે કુલ રુ.....સહાય મંજુર કરવામાં આવે છે.

(૫) અરજદારના ઓળખ નિશા નીચે પ્રમાણે છે.

૧.

૨.

(૬) લાભાર્થીઓની સહાય એકાઉન્ટ નબંર ..... છે.

(૭) સહાયની રકમ રુ.....ચીફ પ્રોબેશન ઓફીસર તરફથી મનીઓર્ડરથી દર માસે મોકલવામાં આવશે.

....૨૦....

(૮) આ સહાય લાભાર્થી શ્રીમતી.....ત્રણ વર્ષની મર્યાદમાં અથવા તો તાલીમ લઈ પુનઃસ્થાપિત થાય તે બેમાંથી જે વહેલું હોય તેટલા સમય સુધી મળવાપાત્ર રહેશે. છ માસની અંદર લાભાર્થી તાલીમમાં ન જોડાય તો સહાય બંધ કરવામાં આવશે.

(૯) લાભાર્થી પોતાનું રહેવાનું સ્થળ બદલે તો તાત્કાલિક તેમને સહાય મોકલનાર અધિકારીને ખબર આપવાની રહેશે. એક વખત સહાયનું મનીઓર્ડર પાછું આવશે તો બીજું મનીઓર્ડર ચાર્જની રકમ બાદ કરી લાભાર્થીએ જણાવેલ સરનામે બાકીની સહાય મોકલવામાં આવશે.

(ન લાગુ પડતું હોય તે છેકી નાંખવું)

(૧૦) લાભાર્થીએ ખોટી માહિતી આપી સહાય મેળવી છે, અથવા ચકાસણી યોગ્ય ન હોય તેવા સંજોગોમાં આ સહાયના આદેશ રદ થવા પાત્ર છે.

સહાય મંજુરી અધિકારી,

સિકકો :

નિયામક,
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજય, અમદાવાદ.

સ્થળ :

તારીખ :

પ્રતિ,

ચીફ પ્રોબેશન ઓફીસર,
.....જીલ્લો.

નકલ રવાના :-

૧. લાભાર્થી,

૨. હિસાબી શાખા,

૩. મહિલા કલ્યાણ શાખા,

૪. યોજના શાખા (વૃધ્ધ અને આર્થિક સહાય એકમ)

૫. સબંધિત ચકાસણી અધિકારી,

૬. સીલેકટ ફાઈલ,

૭. ટ્રેઝરી ઓફીસર,

૮. એકાઉન્ટન્ટ જનરલ , રાજકોટ.

ફો ર્મ નં. ૪

ચીફ પ્રોબેશન ઓફીસર,

નિરાધાર વિધવાઓને પુનઃ વસવાટ માટે આર્થિક સહાયનું રજીસ્ટર.

.....જીલ્લો

સહાય ક્રમાંક	લાભાર્થીનુ નામ	લાભાર્થીના વાલીનુંનામ, સરનામું જો	સહાય આદેશની તારીખ	સહાયનો સમય
૧	૨	3	૪	૫

સહાય પુરી થયાની તારીખ	આદેશ નંબર, તારીખ	સહાયની રકમ	રીમાકર્સ	ચીફ પ્રોબેશન પ્રોબેશન ઓફીસરની સહી.

ફોર્મ નં. ૫.

સહાય ચુકવણીનું રજીસ્ટર.

ક્રમાંક	સહાય ક્રમાંક	લાભાર્થીનું નામ, સરનામું	સહાયની રકમ	ચુકવાયેલ સહાયની રકમ.

વર્ષ :-

મનીઓર્ડરની સહાયની રકમ એપ્રિલ, મે, જુન, જુલાઈ, ઓગષ્ટ, સપ્ટેમબર, ઓકટોબર, નવેમ્બર, ડીસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુ. માર્ચ

મોકલ્યાની રસીદ નંબર, આરી.

તારીખ..... .....

લાભાર્થીને મનીઓર્ડરની રકમ.

મળયાની તારીખ.